AXIS BANK

TABSME AOF FOR ONI

શરતો અને નિયમો

હું/અમે આ સાથે ટેબલેટ અને મોબાઈલનો ઉપયોગ કરીને એક્સિસ બેંક પાસે ખાતું ખોલાવવા માટે પુષ્ટી કરું/કરીએ છીએ અને ________________________________________________ ને અધિકૃત કરું છું/છીએ,એક્સિસ બેંક લિમિટેડના કર્મચારી/પ્રતિનિધિ કે જેમની પાસે કર્મચારી/પ્રતિનિધિ આઈડી _____ છે, જે મારી/અમારા તરફથી ખાતું ખોલવાને લગતી વિગતો રજૂ કરવા તથા ઈલેક્ટ્રોનિક અરજી ફોર્મમાં મારા/અમારા દ્વારા આપવામાં આવેલી સૂચનાઓ પ્રમાણે અધિકૃત કરવામાં આવે છે. આ સાથે હું/અમે ઈલેક્ટ્રોનિક અરજી ફોર્મમાં તેમના/તેણીના દ્વારા આપવામાં આવેલી માહિતીની સમિક્ષા અને ખરાઈ કરું છું/કરીએ છીએ તથા પુષ્ટી કરવામાં આવે છે કે તે સત્ય, ખરી અને અપડેટ કરવામાં આવેલ છે તથા ઈલેક્ટ્રોનિક અરજી ફોર્મના સંદર્ભમાં ઉપર દર્શાવવામાં આવેલ સંદર્ભ નંબર મારા દ્વારા ઈલેક્ટ્રોનિક અરજી ફોર્મ મારા દ્વારા અરજી ફોર્મની સમીક્ષા, ખરાઈ અને પુષ્ટી કરવામાં આવે છે. ઉપર દર્શાવવામાં આવેલ અરજી નંબર માટે ખાતુ ખોલાવવાને લગતા દસ્તાવેજોથી ઈલેક્ટ્રોનિક અરજી ફોર્મ અને ફિઝીકલ અરજી ફોર્મ એક સાથે બનેલ હશે.

હું/અમે (આ સંદર્ભમાં, "હું/અમે", "મારા/અમારા" અને "મને/અમને" સંબંધિત ખાતાના તમામ ધારકોના સંદર્ભમાં રહેશે) નીચે આપવામાં આવેલ નિયમો અને શરતો વાંચવામાં આવેલ છે અને યોગ્ય સમજણ કેળવવામાં આવેલ છે તથા આ સાથે એવી સમજણ ધરાવીછીએ કે શરતો અને નિયમોમાં કોઈ પણ પ્રકારના ફેરફાર ફક્ત www.axisbank.com વેબસાઈટ પર ઉપલબ્ધ રહેશે.

**ખાતુ ખોલવુ/સર્વિસને લગતી જોગવાઈ:** તમામ સેવા કે જેમાં ખાતું ખોલવાનો સમાવેશ થાય છે તે મારા દ્વારા પૂરા પાડવામાં આવેલ માહિતી/દસ્તાવેજોની યોગ્ય ચકાસણીને આધિન છે. જો આ ખાતું ખોલવામાં આવતું નથી, તો જો હું/અમે શરૂઆતમાં ખાતામાં રૂપિયા 20,000 અથવા વધારે રોકડ જમા કરાવે છે તો તે મને ફક્ત ડીડી/ચેક અથવા પીઓ સ્વરૂપમાં પરત આપવામાં આવશે. પાકિસ્તાનની કોઈ ફણ એન્ટીટી (એકમ)એ પોતાના પ્રોજેક્ટ ઓફિસ ખાતા માટે ખાતું ખોલવા માટે આરબીઆઈની મંજૂરી મેળવવી જરૂરી છે.

અત્યારનો ગ્રાહક આઈડીઃ હાલના ગ્રાહકો હોવાના કિસ્સામાં, તેમના ગ્રાહક આઈડીને જાહેર કરવું નહીં અને એક નવા ગ્રાહક તરીકે અરજી કરવી, બેન્ક આ પ્રકારના કિસ્સામાં અધિકાર ધરાવે છે કે તે મને અગાઉથી નોટિસ આપ્યાં વગર પોતાના નિર્ણય પ્રમાણે ગ્રાહક આઈડીને સંકલિત કરી શકે છે.

**સર્વિસઃ** એક્સિસ બેન્ક શ્રેષ્ઠ પ્રયત્નના આધાર પર તમામ સેવાઓ પૂરી પાડશે. મારી/અમારી પાસે ઉપલબ્ધ રહેલી સર્વિસિસની સંપૂર્ણ યાદી www.axisbank.com પર ઉપલબ્ધ બનશે.

**ફી અને ચાર્જીસ:** મારા ખાતામાં તથા મારા દ્વારા પ્રાપ્ત અન્ય સેવાઓ માટે ફી તથા ચાર્જીસ લાગૂ પડશે, જે ચાર્જીસને લગતી સૂચિમાં વર્ણન કરેલ છે અને www.axisbank.com વેબસાઈટ પર ઉપલબ્ધ છે.તમામ ફી સમયાંતરે લાગૂ થવા સાથે માલ-સામાન અને સેવા કર તથા અન્ય કાયદાકીય કરવેરા લાગૂ થશે.

**ફી અને ચાર્જીસ તથા સર્વિસિસમાં ફેરફારઃ** ફી અને ચાર્જીસ, સેવાઓ, અથવા વ્યાજ દરમાં કોઈપણ પ્રકારના ફેરફાર/સ્થગિત કરવા જેવી બાબતો અંગે મને પત્ર/એસએમએસ/વેબસાઈટ/ઈમેલ અથવા અન્ય માધ્યમો મારફતે ઓછામાં ઓછા 30 દિવસ અગાઉ જાણ કરવામાં આવશે.

**રિકવરીઃ** જો ફી/ચાર્જીસની ચુકવણી કરવા માટે ખાતામાં ભંડોળ ઉપલબ્ધ ન હોય તો હું એક્સિસ બેન્કને કલેક્શનને લગતી પ્રક્રિયા અથવા કોઈપણ પ્રકારની જમા માટે ખાતામાં આવતી રકમ સહિત કોઈપણ ઉપલબ્ધ ક્રેડિટને સેટ ઓફ કરવા માટે અધિકૃત કરું છું.

**ખાતુ સ્થગિત કરવું:** હું/અમે બેંકને નીચે દર્શાવવામાં આવેલ પરિસ્થિતિમાં કોઈ નિર્દેશન આપવામાં આવે તે સિવાય મને જાણ કરવા સાથે મારા ખાતાને ફ્રીઝ એટલે કે સ્થગિત કરવા માટે અધિકૃત કરું છું. એ. જો બેન્કને આશંકા હોય કે મારા/અમારા ખાતામાં તમામ રોકડ, ચેક, ડીડી અને એનઈએફટી, આરટીજીએસ વગેરેના માધ્યમથી અન્ય જમા/વ્યવહારો

કરવા સમયાંતરે લાગૂ કાયદા અને નિયમોને અનુરૂપ નથી અથવા તો તેનું ઉલ્લંઘન કરવામાં આવે છે તો બેંક ખાતાને ફ્રીઝ એટલે કે સ્થગિત કરી શકે છે અને હું/અમે આ પ્રકારના જમા/વ્યવહાર અંગે જવાબદાર/જવાબદારી ધરાવીશ. બી. મારા/અમારા ખાતાનો દુરુપયોગ કરી નાણાકીય ગેરરીત આચરવા અથવા બિનઅધિકૃત રીત મની પૂલિંગ માટે એક ચેનલ તરીકે અથવા તો કોઈપણ ગેરકાયદેસર પ્રવૃત્તિ માટે થાય છે તેવી આશંકાના સંજોગોમાં. (મને/અમને આ કિસ્સામાં કોઈ નોટિસ મળશે નહીં).

**ખાતુ બંધ કરવું:** હું આ સાથે બેન્કને અધિકૃત કરું છું કે જો ખાતામાં બાકી રકમ 3 મહિના અથવા વધારે સમય માટે શૂન્ય રહે છે તો તેઓ મને અગાઉથી જાણ કરીને મારા ખાતાને બંધ કરી દેશે; બી. મારા ખાતામાંથી ચુકવણી અસ્વીકાર્ય થવાની ઉચ્ચ ઘટના બનતી રહે; સી. એવા અન્ય ઉદાહરણ કે જે બેંક કોઈપણ કોર્ટ/બંધારણીય/નિયમનકારી સત્તામંડળો દ્વારા સમયાંતરે રજૂ કરવામાં આવતા/આદેશને લઈ કોઈ ઓર્ડર, સૂચના, દિશા-નિર્દેશ, માર્ગદર્શિકા આપે, જેને લઈ કોઈ નિર્ણય લઈ શકે છે.

**વ્યવહારો:** ખાતાના સંદર્ભમાં એક્સિસ બેંકને કોઈ પણ પ્રકારની સૂચના આપવામાં આવે કે જે પછી નાણાકીય/બિન-નાણાકીય પ્રકારી હોય (જેમ કે ચેકબુક/કાર્ડ, નાણાકીય વ્યવહારો, વ્યક્તિગત માહિતી અપડટ કરવી વગેરે) મારા દ્વારા ફક્ત અધિકૃત ચેનલોના માધ્યમથી રજૂ કરવામાં આવશે, જેને તે સમયે નિયમનકારી માર્ગદર્શિકાના આધારે બેન્ક દ્વારા દર્શાવવામાં આવશે. એક્સિસ બેંક પાસેથી એવી કોઈ અપેક્ષા રાખવામાં આવતી નથી કે તે એવી કોઈ સૂચનાઓ અંગે કાર્ય કરશે કે જે અધિકૃત માધ્યમો મારફતે આવતી નથી, અલબત અસાધારણ પરિસ્થિતિમાં આ પ્રકારની સુવિધા રજૂ કરવા માટે પોતાની વિવેકબુદ્ધિથી કાર્ય કરવાનો અધિકાર સુરક્ષિત રાખવામાં આવે છે.

**ચેનલ સુવિધા:** બિન-અધિકૃત સહીકર્તા કે જે ચેનલ સેવાને લગતી સુવિધા ઈચ્છતા હોય તો તેને ચેનલ રજીસ્ટ્રેશન ફોર્મ ભરવાનું રહેશે અને તેની સાથે સહાયક દસ્તાવેજો આપવાના રહેશે.

**ચેક બૂક:** જો 1 કરોડ અને વધુ રકમના ચેક પૂરતાં ભંડોળના અભાવની સ્થિતિમાં રિટર્ન કરવામાં આવે છે, અથવા ત્રિમાસિક ગાળામાં 1 કરોડથી ઓછી રકમના 8 ચેક પૂરતા ભંડોળના અભાવની સ્થિતિમાં રિટર્ન થાય છે તો કોઈ નવી ચેક બુક ઈશ્યુ કરવામાં આવશે નહીં.

**ડેબિટ કાર્ડ:** એક્સિસ બેન્ક દ્વારા પૂરી પાડવામાં આવતી તમામ સુવિધા વેબસાઈટ www.axisbank.com પર રજૂ કરવામાં આવેલ ચોક્કસ માર્ગદર્શિકાને આધિન છે. જો હું કોઈપણ પાસવર્ડ, પિન અથવા આઈડી/ટીએફકનેક્ટ જેવી સંવેદનશીલ માહિતી જાહેર કરું છું તો એક્સિસ બેંક છેતરપિંડીના કિસ્સામાં જવાબદાર રહેશે નહીં.

**ડિજી વેલકમ કિટ:** શરતો અને નિયમો તથા આચાર સંહિતા જેવી કટિબદ્ધતા, ડેબિટ કાર્ડ એમઆઈટીસી તથા ચાલુ ખાતા બિન્ડલિંગ પત્રક કે જે એસએમએસ અને ઈમેલ ખાતું ખોલવાના સમયે મોકલવામાં આવશે.